ક્રમાંક:ધ/માધ્ય/પરચ/૨૦૨૪ ૩૧૯-૩૨૧૨

By Email

કમિશનર શાળાઓની કચેરી,
વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સે-૧૯,
ગુ.રા.ગાંધીનગર.
તા. ૭/૦૩/૨૦૨૪.

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
તમામ.

**વિષય:ગુજરાતની શાળાઓમાં શિક્ષકો દ્વારા કરાતા વ્યસન પર પ્રતિબંધ લાવવા બાબત.**

**સંદર્ભ: માન.મુખ્યમંત્રીશ્રીના કાર્યાલયના ક્રમાંક: LF/2024/768, DATE:02/02/2024**

ઉપરોકત વિષય અને સંદર્ભપત્ર અન્વયે જણાવવાનું કે, માન.મુખ્યમંત્રીશ્રીના કાર્યાલયમાંથી મળેલ પત્ર અનુસાર ગુજરાતની શાળાઓમાં શિક્ષકો દ્વારા કરાતા વ્યસન પર તકેદારી પુર્વક પગલાં લેવા રજૂઆત મળેલ છે.

ઉકત પત્રની વિગતે શાળામાં કે શાળાની અમુક ત્રિજ્યાના અંતર સુધી તમાકુ કે સિગારેટ-મસાલા જેવા તમાકુના ઉત્પાદનો ના વેચાણ અને શાળામાં શિક્ષકો કે આચાર્ય દ્વારા ખુલ્લેઆમ બાળકોની સમક્ષ તમાકુ કે મસાલા મસળીને ખાતા જોવા મળે છે જેથી શિક્ષણના મંદીરમાં બાળકોને જીવન ઘડતરના પાઠ શિખવવાના હોય છે ત્યાં વ્યસન કરવાના પાઠ ભણીને જાય તે શિક્ષણ જગત માટે ખૂબ જ લાંછનીય બાબત છે. જે સંદર્ભે ભારતીય સંસદે તમાકુ નિયંત્રણ ધારો, The Cigarettes and other Tobacco Product Act, 2003(COTPA-2003)18th May, 2003ના રોજ પસાર કર્યો અને તે ૧લી મે, ૨૦૦૪ થી અમલમાં આવ્યો. એમાં કલમ-૪ હેઠળ જાહેર સ્થળોએ ધુમ્રપાન કે (માવા)મસાલા ખાવા પર પ્રતિબંધ છે. જેમાં કોઇપણ શૈક્ષણિક સંસ્થામાં ભંગ બદલ (I.P.C-188) આઇ.પી.સી-કલમ-૧૮૮ લાગુ પડે છે.

આથી, ગુજરાતની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીની કચેરી, સે-૧૮, ગાંધીનગરના તમાકુ નિયંત્રણ અધિનિયમ-૨૦૦૩( COTPA-2003) મુજબ કાયદાની અમલવારી થાય તે સુનિશ્ચિત કરવા આથી જણાવવામાં આવે છે.

નાયબ શિક્ષણ નિયામક
માધ્યમિક
ગુ.રા.ગાંધીનગર

બિડાણ: COTPA-2003

નકલ રવાના જાણ સારૂ:

- શ્રી પંકજકુમાર ધનજીભાઇ પટેલ, મુ.પો.સાંપા, તા.દહેગામ, જિ-ગાંધીનગર
- આ.શિ. શાખા (જાણ સારૂ) - સદર કચેરી

# પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીની કચેરી,
## ગુ.રા.,સેકટર-૧૮,ગાંધીનગર.

## તમાકુ નિયંત્રણ અધિનિયમ-૨૦૦3(COTPA-2003) અંતર્ગત કામગીરી અંગે માર્ગદર્શક સુચનાઓ

**આપને જાણ હશે જ કે તમાકુને લીધે થતા તમામ મૃત્યુ તથા માંદગી અટકાવી શકાય તેમ છે, છતાં :**

- વિશ્વમાં તમાકુના વપરાશને કારણે દર વર્ષે ૫૪ લાખ લોકો મૃત્યુ પામે છે.
- જો આ પરિસ્થિતિ ચાલુ રહી તો તમાકુના લીધે ૨૦૨૦ સુધીમાં બીજા ૧૦ કરોડ લોકો મૃત્યુ પામશે અને તેમાના લગભગ ૮ કરોડ મૃત્યુ ભારત જેવા વિકસતા દેશોમાં થશે.
- ગુજરાતમાં તમાકુના ઉપયોગનુ પ્રમાણ પુરૂષોમાં ૬૦% અને સ્ત્રીઓમાં ૮.૪% જેટલુ છે. (નેશનલ ફેમીલી હેલ્થ સર્વે—૩).
- ૧૩ થી ૧૫ વર્ષના વિદ્યાર્થીઓમાં તમાકુના ઉપયોગનુ પ્રમાણ ૧૯% જેટલુ છે તેમજ ૧૮% જેટલા વિદ્યાર્થીઓ ૧ વર્ષની અંદર તમાકુનુ વ્યસન ચાલુ કરશે (ગ્લોબલ યુથ ટોબેકો સર્વે).
- તમાકુના વ્યસની લોકો પોતાની આવકનો ઘણોખરો હિસ્સો તમાકુની પાછળ વેડફે છે.
- ગુજરાતમાં થતા કેન્સરોમાં ૫૧% જેટલા પુરૂષોના કેન્સર અને ૧૭% જેટલા સ્ત્રીઓના કેન્સર તમાકુના લીધે થાય છે.
- તમાકુના લીધે કેન્સર, હૃદય રોગ, લકવો, અસ્થમા, ટીબી, નપુંસકતા જેવા ઘણાબધા રોગ થાય છે.

**ઉપરોકત સઘળી હકીકતો ધ્યાને લઈ, ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના ઠરાવ ક્રમાંકઃ પીએફએ—૧૦૨૦૦૧—જીઓઆઈ—૫૬—ઝ, તા.૨૪—૧—૨૦૦૨ થી જાહેર સ્થળોએ ધુમ્રપાન કરવા / તમાકુ અને ગુટખાના સેવન કરવા પર પ્રતિબંધ જાહેર કરેલ છે. જેના ગુનામાં ઈ.પી.કો. કલમ—૧૮૮ હેઠળ ગુનાને પાત્ર છે.**

**પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીની કચેરી,**
**ગુ.રા.,સેકટર-૧૮,ગાંધીનગર.**

ભારતીય સંસદે તમાકુ નિયંત્રણ ધારો, The Cigarettes and Other Tobacco Product (Prohibition of Advertisement and Regulation of Trade and Commerce, Production, Supply and Distribution) Act, **2003 (COTPA-2003)** ૧૮ મી મે, ૨૦૦૩ ના રોજ પસાર કર્યો અને તે ૧લી મે, ૨૦૦૪ થી અમલમાં આવ્યો.

COTPA-2003 સમગ્ર ભારતમા તમાકુની તમામ બનાવટોને લાગુ પડે છે. જે અંગેની વિગતો **The Gazette of India, Extraordinary, Part-II, Section-I, New Delhi, May 19, 2002 Ministry of Law and Justice (Legislative Department)** માં આપેલી છે.


- <u>તમાકુ નિયંત્રણ અધિનિયમ–૨૦૦૩ (COTPA-2003) અંતર્ગત કલમ–૪, ૫, ૬ અને ૭ હેઠળ મુખ્યત્વે કામગીરી નીચે મુજબ છે:</u>

## <u>કલમ–૪ :– જાહેર સ્થળોએ ધુમ્રપાન પર પ્રતિબંધ</u>

જાહેર સ્થળ એટલે એવું કોઈપણ સ્થળ જ્યાં લોકો અધિકારપૂર્વક કે અધિકાર વિના પણ જઈ શકતા હોય અને તેમા સરકારી કચેરીઓ, શૈક્ષણિક સંસ્થાઓ, કામના સ્થળો, હોસ્પિટલનાં મકાનો, રેલવેનો પ્રતિક્ષાખંડ, મનોરંજનના કેન્દ્રો, રેસ્ટોરન્ટ (રીફ્રેશમેન્ટ રૂમ્સ, બેન્કવેટ હોલ્સ, ડીસ્કોથેકસ, કેન્ટીન,કોફી હાઉસ, પબ, બાર, એરપોર્ટ લોન્જ અને એવાં સ્થળો સહિત), સભાગૃહ, કોર્ટનાં મકાનો, શોપીંગ મોલ્સ, સિનેમા હોલ્સ, પુસ્તકાલયો, જાહેર પરિવહનનાં સાધનો, અને જ્યાં લોકો સામાન્ય રીતે જતાં હોય એવી ખુલ્લી જગ્યાઓ જેમકે ખુલ્લાં ઓડિટોરીયમ, સ્ટેડિયમ, રેલવે સ્ટેશનો, બસ–સ્ટોપ અને એવા અન્ય સ્થળો.

આ કાયદાના સથન ૨જી ઓકટોબર (ગાંધીજયંતિ), ૨૦૦૮ અમલીકરણ માટે **જાહેર સ્થળે ધુમ્રપાન પર પ્રતિબંધના** કાયદા, ૨૦૦૮–**The Gazette of India, Extraordinary, Part-II, Section-3, Sub-Section-1, New Delhi, May, 30th 2008** ના રોજ અધિસૂચના બહાર પાડવામાં આવેલ છે. જે મુજબ,

- તમામ જાહેર જગ્યાના માલિકો/વ્યવસ્થાપકોએ ઓછામાં ઓછુ ૬૦ સે.મી. × ૩૦ સે.મી. નું સફેદ બેકગ્રાઉન્ડમાં નીચે મુજબનું સાઈનેઝ બોર્ડ દર્શાવવાનું રહેશે.
- નો સ્મોકીંગનુ ગોળાકાર ચિત્ર લાલ રંગમાં અને ઓછામાં ઓછા ૧૫ સે.મી. નો ગોળાકાર અને ૩ સે.મી. ની પહોળાઈમાં અને વચ્ચે કાળા રંગના ધુમાડા સાથે સીગારેટનું ચિત્ર હોવુ જોઈએ.
- સાઈનેઝ બોર્ડમાં "ધુમ્રપાન પ્રતિબંધિત વિસ્તાર – અહિં ધુમ્રપાન કરવુ ગુનો બને છે" એવી ચેતવણી અંગ્રેજી અથવા કોઈપણ એક ભારતીય ભાષા (ગુજરાતી) માં દર્શાવવાની રહેશે. તેમજ જો કોઈ કાયદાનું ઉલ્લંઘન કરે તો કોનો સંપર્ક કરવો તે વ્યકિતનો હોદ્દો અને સંપર્ક નંબર લખવાનો રહેશે.




## <u>કલમ–૪ ના ભંગ બદલ :</u>

**COTPA-2003ની** કલમ–૨૧ મુજબ કલમ–૪ ના ભંગ બદલ રૂ.૨૦૦/– સુધીનો દંડ થઈ શકે છે.

# પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીની કચેરી,
## ગુ.રા.,સેક્ટર-૧૮,ગાંધીનગર.

### કલમ–૫ :– તમાકુની સીધી કે પરોક્ષ જાહેરાત પર પ્રતિબંધ

- તમાકુની બનાવટોની તમામ પ્રકારની જાહેરાતો પ્રતિબંધિત છે, તેમાં પરોક્ષ રીતે તમાકુનો ઉપયોગ (સરોગેટ), બ્રાન્ડ સ્ટ્રેચીંગ, આકર્ષક યોજનાઓ, સ્પોન્સરશીપ, મફત સેમ્પલો તમામનો સમાવેશ થાય છે.
- તમાકુની બનાવટોને પ્રત્યક્ષ રીતે પ્રોત્સાહન આપવાનું કે તેમનો ઉપયોગ કરવાનું સૂચવતી હોય એવી કોઈ જાહેરાતોમાં કોઈ ભાગ લેશે નહી અને કોઈ આવી જાહેરાતો આપશે નહી

**આ ઉપરાંત નીચેની બાબતો સુનિશ્ચિત કરીને કાયદાનું પાલન કરવાનું રહેશે.**

- વેચાણ માટેની જાહેરાતના સ્થળે બે થી વધુ બોર્ડ ન રાખવા (વધુમાં વધુ ૬૦ સે.મી. × ૪૫ સે.મી.)
- બોર્ડ પર આરોગ્યલક્ષી ચેતવણી 'તમાકુ મૃત્યુ નોતરે છે' અથવા **'તમાકુથી કેન્સર થાય છે'** પ્રદર્શિત કરવી, જે બોર્ડના મથાળે ૩૩ ટકા જેટલા ભાગમાં હોવા જોઈએ.
- બ્રાન્ડ પેકના શોટ, બ્રાન્ડનું નામ, વેચાણને ઉત્તેજન આપતા અન્ય સંદેશા અથવા ચિત્રો બોર્ડ પર પ્રદર્શિત ન કરવાં.

### કલમ–૫ ના ભંગ બદલ :

**COTPA-2003**ની કલમ–૨૨ મુજબ ભંગ બદલ પહેલી વાર બે વર્ષ સુધીનો દંડ અથવા રૂ.૧,૦૦૦/– સુધીનો દંડ અથવા બંને તથા બીજી વાર અથવા તેના પછી થતા ભંગ બદલ પાંચ વર્ષ સુધીની જેલ અને રૂ.૫,૦૦૦/– સુધીનો દંડ થઈ શકે છે.

ભારત સરકારની તા.૩૦/૧૧/૨૦૦૫ ની અધિસુચના મુજબ રાષ્ટ્રિય કક્ષાએ તેમજ ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા.૦૮/૦૯/૨૦૦૮ ના રીઝોલ્યુશન નં.PFA-102008-GOI-24-JH મુજબ *રાજ્ય કક્ષાએ અને જિલ્લા કક્ષાએ COTPA-2003 ની કમલ–૪, ૫ અને ૬ ના અમલીકરણ માટે મોનીટરીંગ કમીટીની રચના કરવામાં આવેલ છે.*

### કલમ–૬:–૧૮ વર્ષથી નીચેની વયની વ્યકિતને તમાકુ કે તમાકુની બનાવટના વેચાણ પર પ્રતિબંધ.

### કલમ–૬(a) :–૧૮ વર્ષથી નીચેની વયની વ્યકિતઓને તમાકુ કે તમાકુની બનાવટ વેચવા, આપવા કે વેચવા માટે આપવા પર પ્રતિબંધ.

**(The Gazette of India, Extraordinary, Part-II, Section-3, Sub-Section-1, New Delhi, February, 25th 2004)**

તમાકુ નિયંત્રણ અધિનિયમ–૨૦૦૩ની કલમ–૬ હેઠળ ૧૮ વર્ષથી નીચેની વયની વ્યકિતઓને તમાકુ કે તમાકુના ઉત્પાદન, વેચાણ–ખરીદી કે ઉપયોગ કરવા પર પ્રતિબંધ ફરમાવેલ છે. જો દુકાનદારને શંકા હોય તો તે તમાકુ ખરીદવા આવનારની ઉંમરનો પુરાવો માંગી શકે છે.

**૧૮ વર્ષથી ઓછી ઉંમરની વ્યકિતને તમાકુનું વેચાણ એ દંડનીય ગુનો છે.**

તમાકુ વેચાણ થતી દરેક જગ્યા પર ઓછામાં ઓછુ ૬૦ સે.મી. × 30 સે.મી. સાઈઝનું નીચે પ્રમાણેનું બોર્ડ બહારથી દેખાય તે પ્રમાણે લાગેલુ હોવુ જોઈએ:

**કલમ–૬(b) :–શૈક્ષણિક સંસ્થાઓની આસપાસના ૧૦૦ વારના વિસ્તારમાં તમાકુ કે તમાકુની બનાવટોનું વેચાણ કરવા પર પ્રતિબંધ.**

**(The Gazette of India, Extraordinary, Part-II, Section-3, Sub-Section-1, New Delhi, September, 1st 2004)**

- શૈક્ષણિક સંસ્થાઓના માલિક અથવા વ્યવસ્થાપકે બહારથી સરળતાથી જોઈ શકાય તેવી મુખ્ય જગ્યાએ નીચે પ્રમાણેનું બોર્ડ લગાડેલુ હોવુ જોઈએ :

> **આ શૈક્ષણિક સંસ્થાના ૧૦૦ વારના વિસ્તારમાં તમાકુના વેચાણ પર સખત પ્રતિબંધ છે અને તે દંડનીય અપરાધ છે.**

- આ ગણતરી શૈક્ષણિક સંસ્થાની બહારની સરહદથી ૧૦૦ વારની ત્રિજયા પ્રમાણે ગણાશે.


**કલમ–૬ ના ભંગ બદલ :**

**COTPA-2003ની કલમ–૨૪ મુજબ કલમ–૬ (a), (b) ના ભંગ બદલ રૂ.૨૦૦/– સુધીનો દંડ થઈ શકે છે.**

**કલમ ૭ :– તમાકુની બનાવટની દરેક ચીજવસ્તુઓ પર ચિત્રાત્મક આરોગ્ય વિષયક ચેતવણી દર્શાવવી**

**(The Gazette of India, Extraordinary, Part-II, Section-3, Sub-Section-1, New Delhi, March, 15th 2008)**

તમાકુ નિયંત્રણ અધિનિયમ–૨૦૦૩ની કલમ–૭ માં જણાવ્યા પ્રમાણે તમાકુની બનાવટની દરેક ચીજવસ્તુઓ પર ચિત્રાત્મક આરોગ્ય વિષયક ચેતવણી દર્શાવવી ૩૧ મે ૨૦૦૯ થી ફરજિયાત છે. નોટિફિકેશન જી.એસ.આર. ૩૦૫ (ઈ) તારીખ ૩ મે, ૨૦૦૯ દ્વારા તેમાં ફેરફાર કરાયેલ છે, જે અનુસાર નિર્દિષ્ટ આરોગ્ય ચેતવણી સંદર્ભનું ચિત્ર ફરજિયાતપણે તમાકુ પ્રોડકટના પેકેજ પર દર્શાવવું ૩૧ મે, ૨૦૦૯ ના રોજથી (નોટિફિકેશન એસ.ઓ. ૨૮૧૫ (ઈ) તારીખ ૨૮ નવેમ્બર, ૨૦૦૮ દ્વારા) ફરજિયાત કરાયેલ છે:





**ગેઝેટ નોટિફિકેશન જી.એસ.આર. ૧૭૬ (ઈ) તારીખ ૫ માર્ચ, ૨૦૧૦ મુજબ કેન્દ્ર સરકાર દ્વારા સિગારેટ અને અન્ય તમાકુ ઉત્પાદનો (પેકેજિંગ અને લેબલીગ) (ફેરફાર થયેલ) રૂલ્સ, ૨૦૧૦ અમલી બનાવવા તારીખ ૧ ડીસેમ્બર, ૨૦૧૦ નકકી કરાયેલ છે.**

# પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીની કચેરી,
## ગુ.રા.,સેકટર-૧૮,ગાંધીનગર.

**જે મુજબ તમામ તમાકુ ઉત્પાદન પેકેજો ઉપર નવી નિર્દિષ્ટ નીચે મુજબ આરોગ્ય ચેતવણી દર્શાવવી ફરજિયાત છે:**

તમામ વ્યકિતઓ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સિગારેટ કે અન્ય કોઈ તમાકુ ઉત્પાદનોનાં ઉત્પાદન, સપ્લાય, ઈમ્પોર્ટ કે ડિસ્ટ્રિબ્યુશન સાથે સંકળાયેલ હોય, તેમણે સિગારેટ કે અન્ય કોઈ તમાકુ ઉત્પાદનના પેકેજ પર ઉપરોકત નોટિફિકેશનમાં વર્ણવ્યા મુજબની નિર્દિષ્ટ આરોગ્ય ચેતવણી છે, તેની ખાતરી કરવાની રહેશે. પેકેટનો આગળનો ૪૦% મુખ્ય ડિસ્પ્લે એરીયા ઓછામાં ઓછો કવર થવો જોઈએ અને પેકેજના મથાળાના ભાગને સમાંતર હોવો જોઈએ.




**<u>કલમ–૭ ના ભંગ બદલ</u> :**

- પ્રોડયુસર કે ઉત્પાદક દ્વારા આ જોગવાઈનું ઉલ્લંઘન, એ જેલની સજા સાથેનો ગુનો છે, જે બે વર્ષ સુધી લંબાઈ શકે છે અથવા તો દંડ થઈ શકે છે, જે રૂા.૫,૦૦૦/– સુધી થઈ શકે છે, અથવા બંને સજા થઈ શકે છે અને એ પછી બીજા કે તે પછીના ગુના માટે પાંચ વર્ષ સુધીની જેલ અને દંડ, જે રૂા.૧૦,૦૦૦/– સુધી થઈ શકે છે.
- વિક્રેતા કે ડિસ્ટ્રિબ્યુટર દ્વારા આ જોગવાઈનું ઉલ્લંઘન જેલની સજાપાત્ર ગુનો બને છે, જે સજા એક વર્ષ સુધી લંબાઈ શકે છે, અથવા દંડ, જે રૂા.૧,૦૦૦/– સુધી થઈ શકે છે અથવા તો બંને સજા થઈ શકે છે, અને એ પછીના બીજા કે તે પછીના ગુના માટે બે વર્ષ સુધીની જેલ અને દંડ, જે રૂા.૩,૦૦૦/– સુધી થઈ શકે છે.

## <u>COTPA-2003 ના ભંગ બદલ વસુલ કરેલ દંડ જમા કરાવવા માટે</u> :–

**COTPA-2003** ની જુદી જુદી કમલો હેઠળ તમામ અધિકારીશ્રીઓને દંડ વસૂલ લેવા માટેની જોગવાઈ કરવામાં આવી છે અને તેની હાલમાં સરકારશ્રીના જે–તે વિભાગ દ્વારા નિયત થયેલ રસીદ બનાવી દંડ ભોગવનારને રસીદ આપી બીજા દિવસે કેશબુકમાં આપેલ રસીદોની રકમ જમા લઈ નિયત ચલણમાં સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા/તિજોરી કચેરીમાં જમા કરાવવાની રહે છે.

**વસુલ કરેલ દંડ સરકારશ્રીમાં જમા કરવવા માટે ગુજરાત સરકારના નાણાં વિભાગના તા.૧૬/૦૯/૨૦૦૮ ના પત્ર ક્રમાક: ONS/102008/O-3061/K તથા આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગાંધીનગરના પત્ર ક્રમાંક: પીએફએ/૧૦૨૦૦૮/જીઓઆઈ/ ૨૪/ઝ, તા.૨૩/૦૯/૨૦૦૮ માં જણાવ્યા મુજબ નીચે જણાવેલ સદરે જમા કરાવવાનો રહેશે:**

| | | |
|---|---|---|
| **ડીમાન્ડ/ એપ્રૂવ નં.** | : | રીસીપ્ટના મથાળા અન્વયે ડીમાન્ડ નંબરની જરૂર નથી. |
| **મુખ્ય સદર** | : | ૦૨૧૦– તબીબી અને જાહેર આરોગ્ય |
| **પેટા મુખ્ય સદર** | : | ૦૪–જાહેર આરોગ્ય |
| **ગૌણ સદર** | : | ૧૦૪–ફી અને દંડ વગેરે |
| **પેટા સદર** | : | (૦૩)–સિગારેટ અને અન્ય ઉત્પાદન (જાહેરાત પર પ્રતિબંધ અનેવેપાર તથા વાણિજય,ઉત્પાદન, પુરવઠો અને વિતરણ નિયમન) ધારો–૨૦૦૩ હેઠળ દંડ. |

COTPA-2003ની કલમ ૧૨(૧) થી રાજય સરકારના પોલીસ સબ ઈન્સ્પેકટર અને ઉપરના દરજ્જાના તમામ અધિકારીને આ કાયદાની કાર્યવાહી કરવાના અધિકાર અપાયેલ છે.

**COTPA-2003ની કલમ–૨૭ મુજબ કાયદા હેઠળના તમામ ગુના જામીન લાયક છે.**

**COTPA-2003ની કલમ–૨૮ મુજબ સક્ષમ અધિકારી સમક્ષ કલમ–૪ અને ૬ ના ગુના સમાધાનને લાયક છે. જે ૨૦૦/– સુધીના દંડ વસુલીને પાત્ર છે.**

☞ આ અંગે વિગતવારની માહિતી માટે અધિક નિયામક ( આરોગ્ય) અને સ્ટેટ નોડલ ઓફિસર (ટોબેકો કંન્ટ્રોલ),સ્ટેટ ટોબેકો કંન્ટ્રોલસેલ,ત્રીજો માળ,બ્લોક નંબર-૫,જુના સચિવાલય,ગાંધીનગરનો સંપર્ક કરવો